ટેલીફોનિક વિઝિટ વેરિફિકેશન (**TVV**) ને **IVR**, તરીકે પણ ઓળખવામાં આવે છે, જે તમારો કામ કરેલો સમય રેકોર્ડ કરવાની એક રીત છે. તમારી શિફ્ટનાં પ્રારંભમાં અને સમાપ્તિ પર, તમે કામ કરવાનું શરૂ કર્યું છે (ક્લોક-ઈન) અને તમારી શિફ્ટની સમાપ્તિ પર તમે સમાપ્ત કર્યું છે (ક્લોક-આઉટ) તે ટાઇમશીટ સિસ્ટમને જણાવવા માટે તમે ફોનનો ઉપયોગ કરશો. આ સિસ્ટમ સંભાળ આપનારનું વર્ણન કરવા કર્મચારી શબ્દનો અને સેવાઓ પ્રાપ્ત કરનાર વ્યક્તિનું વર્ણન કરવા ગ્રાહક શબ્દનો ઉપયોગ કરે છે.

ચાલો ક્લોક-ઈન માટેનાં પગલાઓ પર આગળ વધીએ:

1. સહભાગીનાં ઘર પર હોવ ત્યારે ફોન પરથી ટોલ-ફ્રી નંબર પર કૉલ કરો.
2. ક્લોક-ઈન કરવા માટે “1” દબાવો.
3. તમારી છ-આંકડાની કર્મચારી આઇડી દાખલ કરો. સિસ્ટમ તમને ફરી આઇડી વાંચી સંભળાવશે, તમે “1” દબાવીને આઇડીની પુષ્ટિ કરશો.
4. છ-આંકડાની ગ્રાહક આઇડી દાખલ કરો. સિસ્ટમ તમને ફરી આઇડી વાંચી સંભળાવશે, તમે “1” દબાવીને આઇડીની પુષ્ટિ કરશો.
5. સિસ્ટમ જાહેર કરશે કે “ક્લોકિંગ ઈન કરવા બદલ તમારો આભાર. તમે ક્લોક આઉટ કરવા માટે તૈયાર હોવ ત્યારે ફરી કૉલ કરો. આવજો.”
6. તમારું ક્લોક-ઈન પૂર્ણ થયું છે.

ચાલો ક્લોક-આઉટ માટેનાં પગલાઓ પર આગળ વધીએ:

1. સહભાગીનાં ઘર પર હોવ ત્યારે ફોન પરથી ટોલ-ફ્રી નંબર પર કૉલ કરો.
2. ક્લોક-આઉટ કરવા માટે “2” દબાવો.
3. તમારી છ-આંકડાની કર્મચારી આઇડી દાખલ કરો. સિસ્ટમ તમને ફરી આઇડી વાંચી સંભળાવશે, તમે “1” દબાવીને આઇડીની પુષ્ટિ કરશો.
4. છ-આંકડાની ગ્રાહક આઇડી દાખલ કરો. સિસ્ટમ તમને ફરી આઇડી વાંચી સંભળાવશે, તમે “1” દબાવીને આઇડીની પુષ્ટિ કરશો.
5. સર્વિસ કૉડ આઇડી દાખલ કરો. સિસ્ટમ તમને ફરી આઇડી વાંચી સંભળાવશે, તમે “1” દબાવીને આઇડીની પુષ્ટિ કરશો.
6. સિસ્ટમ જાહેર કરશે કે “ક્લોકિંગ આઉટ કરવા બદલ તમારો આભાર. આવજો.”
7. તમારું ક્લોક-આઉટ પૂર્ણ થયું છે.

બસ તેટલું જ! સિસ્ટમ ઉપયોગ કરવામાં સરળ હોય તે રીતે બનાવવામાં આવી છે અને તમે કામ કરો તે દરેક શિફ્ટનાં પ્રારંભમાં અને સમાપ્તિ પર એક મિનિટ કરતા ઓછો સમય લેશે.

ક્લોક-ઈન અને ક્લોક-આઉટ કરતી વખતે તમને જરૂર પડશે તેવી માહિતી લખવા અહીં તમારા માટે જગ્યા છે. તમે જેનાં માટે કામ કરતા હોવ તેવા સહભાગી અથવા સહભાગીને મદદ કરતા FMS તમને જરૂરી હોય તેવી માહિતી આપશે.

| તમને જરૂરી માહિતી | મારી માહિતી |
|---|---|
| TVV/IVR ફોન નંબર | |
| મારી કર્મચારી આઇડી | |
| સહભાગીની આઇડી | |
| સર્વિસ કૉડ આઇડી(ઓ) | |

જો તમને હજુ પણ પ્રશ્નો હોય, તો કૃપા કરીને સહાયતા માટે સીધા જ FMS પ્રદાતાનો સંપર્ક કરો.



સંસ્કરણ U_1.3 ©Annkissam, 2022